Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/૩૫૯૯

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com

તા.૨૧/૦૩/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, અનુદાનિત, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
જિ - સુરત.

આ સાથે સામેલ કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી વહિવટ શાખા અઠવાલાઇન્સ,સુરતના પત્ર ક્રમાંકઃ-સ.સુ./અનુસૂચિત જાતિ/શિષ્યવૃત્તિ/વશી.૯૮/૨૦૨૪ તા.૨૧/૦૩/૨૦૨૪ના પત્ર અન્વયે શિષ્યવૃત્તિની યોજનાઓનો અમલ થવા સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

# કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી

સત્યમેવ જયતે

વહિવટ શાખા, બી-૪, જીલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત.

ફોન નં.૦૨૬૧-૨૬૫૫૧૫૧, ૨૬૬૦૦૨૧, ફેકસનં.૨૬૫૫૭૫૭

**Email :- collector-sur@gujarat.gov.in**

**Samajsuraxa.surat@gmail.com**


નં.સ.સુ./અનુસૂચિત જાતિ/શિષ્યવૃત્તિ/વશી.૯૮/૨૦૨૪ — તા. ૨૮/૦૩/૨૦૨૪

ID:220240045056

પ્રતિ,

(૧) નાયબ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, સી-૬, બહુમાળી ભવન, નાનપુરા, સુરત.

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, એ-બ્લોક, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.

(૩) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયતની કચેરી, સુરત.

(૪) શાસનાધિકારીશ્રી, નગરપ્રાથમિક શિક્ષણ સમિતી, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરત.

વિષય :- Digital Gujarat Portal પરથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની વર્ષ"૨૦૨૩-૨૪ની જુદી જુદી પ્રિમેટ્રીક તથા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની કામગીરી બાબત.

સંદર્ભ :- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના પત્ર નં.અજાક/ગ-૧/૫/૨૩-૨૪/૨૦૯-૨૭૪, તા.૧૮/૦૧/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભના પત્ર અન્વયે જણાવવાનું કે, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૧૮/૦૧/૨૦૨૪નો પત્ર આ સાથે સામેલ રાખેલ છે. જેમાં થયેલ સુચના મુજબ આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી થવા વિનંતી છે.

નાયબ કલેક્ટર(પ્રોટોકોલ)
સુરત

<u>સવિનય નકલ રવાના</u> :- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ.

૨/- આપના સંદર્ભ પત્ર અન્વયે જાણ થવા સારૂ.

નં.અજાક/ગ-૧/૫/૨૩-૨૪/ ૨૦૮- -૨૭૪
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail:dd1-dscw@gujarat.gov.in
તા.૧૮/૦૧/૨૦૨૪

પ્રતિ,
કલેક્ટરશ્રી,
કલેક્ટર કચેરી,
જિ...સુરત...

વિષય : Digital Gujarat Portal પરની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની વર્ષ: ૨૦૨૩-૨૪ની જુદી જુદી પ્રિમેટ્રીક તથા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની કામગીરી બાબત

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની શૈક્ષણિક વર્ષ:૨૦૨૩-૨૪ની રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારશ્રીની જુદી જુદી પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓનો અમલ Digital ujarat Portal પર શાળાના આચાર્યશ્રીઓ મારફત ઓનલાઇન દરખાસ્તો/અરજીઓ મંગાવી કરવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષ:૨૦૨૩-૨૪ માટે જુદી જુદી પ્રિમેટ્રીક તથા પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની કામગીરી ડિજિટલ ગુજરાત પોર્ટલ પર શરૂ છે અને હાલ આ કામગીરીમાં ઝડપ લાવવાની જરૂરીયાત છે. પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓ અંતર્ગત ડિજિટલ ગુજરાત પોર્ટલ પર સંબધિત વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ માટે ઓનલાઇન અરજી પોતાની કોલેજ/સંસ્થા/ITIને મોકલે છે જ્યારે પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત શાળાના આચાર્યશ્રી દ્વારા જ તમામ કામગીરી કરવામાં આવે છે. આમ સંબધિત શાળા/કોલેજો/સંસ્થા/ITI દરરોજ વિદ્યાર્થીઓનો રીવ્યુ કરીને કામગીરી કરે તો ઝડપ લાવી શકાય તેમ છે.

જેથી તમામ શાળા/કોલેજો/સંસ્થા/ITI ની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા સંબધિત આચાર્યશ્રીઓને સૂચનાઓ આપવી જરૂરી બને છે. જેથી આચાર્યશ્રી કક્ષાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવા જિલ્લાકક્ષાના જિલ્લા નાયબ નિયામકશ્રી-અનુસૂચિત જાતિ કલ્યાણ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, શાસનાધિકારીશ્રીઓને આપની કક્ષાએથી જરૂરી સૂચનાઓ આપવા વિનંતી છે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

25 JAN 2024

નકલ રવાના:

-- જિલ્લા નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, જિ.................. તરફ જાણ તેમજ જિલ્લા કલેક્ટરશ્રીને ઉક્ત બાબતે વિગવાર માહિતગાર કરી સંબધિતો પાસેથી તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવા સારૂ.

2202400045056
29/1/24